**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૦૫/૦૪/૨૦૧૮ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**  **સમાચાર યાદી નં.૬૫૩/૧૮**

**શાહીબાગ પોલીસ સ્ટેશન :**

મહે.પોલીસ કમીશ્નર સાહેબ શ્રી તથા મહે.સેકટર-૨ સાહેબ શ્રી તથા ના.પો.કમી.શ્રી ઝોન-૪ સાહેબ શ્રી તથા અ.ના.પો.કમી શ્રી 'એફ' ડીવીઝન સાહેબ તથા ના માર્ગદર્શન હેઠળ સિનિયર પોલીસ ઇન્સપેક્ટર એ.કે.પટેલ સાહેબ નાઓની સુચના મુજબ સર્વે સ્કોર્ડ પ્રો.પોસબ.ઇન્સ આર.પી.ડાભી તથા અ.હેડ.કોન્સ.લક્ષ્મણભાઇ જીવાજી બ.નં.૯૨૮૭ તથા અ.હેડ.કોન્સ.વસંતકુમાર નટવરભાઇ બ.ન.૮૨૦૧ તથા પો.કોન્સ.નારાયણભાઇ વેલજીભાઇ બ.ન.૪૮૯૮ તથા પો.કો. ડાહ્યાભાઇ બાબુભાઇ બ.ન.૬૨૮૭ તથા પો.કોન્સ. વિજયસિંહ ગોંવિદસિંહ બ.ન.૪૯૫૩ તથા અ.લોક.રક્ષક રાકેશ ભુપેન્દ્રસિંહ બ.નં.૧૩૨૧૮ તથા ધીરજકુમાર મંગળભાઇ બ.નં.૩૩૧૫ વિગેરે સ્ટાફના માણસો સાથે શાહીબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી-જુગાર ની પ્રવુતિ ને ડામવા સારૂ પેટ્રોલીંગ માં હતા દરમ્યાન શાહીબાગ ઘોડા કેમ્પ રોડ પર આવતા સાથેના અ.હેડ.કોન્સ.વસંતકુમાર નટવરભાઇ બ.ન.૮૨૦૧ તથા પો.કોન્સ. વિજયસિંહ ગોંવિદસિંહ બ.ન.૪૯૫૩ નાઓને  સંયુક્ત બાતમી હકીકત મળેલ કે ઘોડા કેમ્પ કંમ્પાઉન્ડ અંદર આવેલ જુના પાણીના બોર પાસે સફાઇ કામદારની ઓરડીની બાજુમાં લીમડાના ઝાડ નીચે ખુલ્લી જગ્યામાં કેટલાક ઇસમો ભેગા થઇ પૈસા પાનાથી તીન પત્તી નો હાર જીતનો જુગાર રમે રમાડે છે જે હકીકત આધારે સદરી બાતમીવાળી જગ્યાએ  રેઇડ કરતાં કુલ-૧૦ આરોપીઓ પકડાયેલ તથા સદરી ઇસમો ની અંગઝડતી માંથી મળેલ રોકડા રૂ.૬૦૧૬૦/- તથા દાવના નાણા રૂ.૬૬૪૦/- તથા મોબાઇલ ફોન નંગ- ૫ કિં.રૂ.૪૦૦૦/- તથા ગંજી પાના નંગ-૫૨ કી.રૂ.૦૦/૦૦ મળી કુલ્લે રૂ.૭૦૮૦૦/- ની મત્તા કબજે કરી સદરી આરોપીઓ વિરુધ્ધ જુગાર ધારા કલમ-૧૨ મુજબ કાયદેસર કાર્યવાહી કરેલ છે.

# અમદાવાદ શહેરના બિલ્ડરનું નરોડા હંસપુરા ખાતેથી અપહરણ કરી રૂપિયા પાંચ કરોડ ની ખંડણી માંગતા આરોપીના કબ્જામાંથી બિલ્ડર વેપારીને હેમખેમ છોડાવી આરોપીઓને ઝબ્બે કરતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ.

અમદાવાદ શહેર બિલાસીયા ગામ નંદનબાગ ફાર્મ ખાતે શ્રી રજનીભાઇ કચરાભાઇ પટેલ રહેછે અને હંસપુરા બસ સ્ટેન્ડ પાસે આવેલ કોમ્પલેક્ષમાં ઓફીસ ધરાવી કન્સ્ટ્રકશન ને લગતુ કામ કરે છે. જેઓ હંસપુરા ગામે આવેલ ગાયત્રી ગ્રીન ફલેટ નામની સ્કીમ પુરી કરી હાલ આ ફલેટ વેચાણનું કામ ચાલુ હોય ત્યાં અવર જવર કરેછે. તા.04/04/18 ના રોજ શ્રી રજનીભાઇ પોતાની ગાયત્રી ગ્રીન ફલેટની સ્કીમ ઉપર ગયેલ અને ત્યાંથી પરત પોતાની ઓફીસે જવા પોતાની કાર નંબર GJ-27-C-6088 પોતે ચલાવી નીકળેલ હતા દરમ્યાન આશરે પોણા બારેક વાગ્યાના સુમારે શ્યામ કુટીર-56 આગળથી પસાર થતાં બે બાઇક સાથેના પાંચેક ઇસમોએ શ્રી રજનીભાઇ પટેલ રસ્તામાં રોકેલ અને તમોએ અમારી બાઇક સાથે તમારી કાર કેમ અથડાવી તેમ કહી શ્રી રજનીભાઇ પટેલની કારની ચાવી ખેંચી લઇ શ્રી રજનીભાઇને કારમાંથી નીચે ઉતારી બળપ્રયોગ કરી શ્રી રજનીભાઇને તેમની કારની પાછળની સીટ ઉપર બેસાડી તેમની આજુબાજુ બે ઇસમો ગોઠવાઇ જઇ શ્રી રજનીભાઇ નું અપહરણ કરી લાલ ટી શર્ટ પહેરેલ ઇસમે આ કાર હંકારી મુકેલ તથા બે ઇસમો મોટર સાયકલ લઇ રવાના થઇ ગયેલ હતા.

આ બનાવની જાણ થતાં, બનાવાની ગંભીરતા જોઈ અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચના નાયબ પોલીસ કમિશનર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા અધિક નાયબ પોલીસ કમિશનર શ્રી રાજદીપસિંહ ઝાલા સાહેબની સુચના તથા માર્ગદર્શન હેઠળ ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેરના પોલીસ ઇન્સપેકટર શ્રી કે.જી.ચૌધરી, પોલીસ ઇન્સપેકટર શ્રી જે.એન.ચાવડા, પો.સ.ઇ.શ્રી એ.પી.ચૌધરી તથા સ્ટાફના માણસો સાથે ગુન્હાવાળી જગ્યાની મુલાકાત લીધેલ તેમજ આ બાબતે નરોડા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.88/18 ઇ.પી.કો. કલમ 364(ક), 323, 506(2), 114 મુજબનો ગુન્હો દાખલ કરવામાં આવેલ છે, જે અંગે સ્થળ ઉપરથી પુછપરછ તથા બાતમીદારો તેમજ ટેકનીકલ સર્વેલન્સ આધારે અપહરણકારો પાલનપુર રોડ અને તેનાથી આગળ આબુ રાજસ્થાન તરફ જતા હોવાની ચોક્કસ માહિતી મળેલ હતી.

આ દરમ્યાન અપહરણકારો ભોગબનનાર/અપહ્યુત શ્રી રજનીભાઇ પટેલના ફોન થી ઘરના સભ્યો ઉપર ફોન કરાવી રૂપિયા પાંચ કરોડની ખંડણી માંગતા હોય જેથી ખંડણી પેટે માંગેલ રકમ ની વ્યવસ્થા કરવામાં આવે છે તે મતલબે વાતો ચાલુ રાખી ક્રાઇમ બ્રાન્ચના ઉપરોકત અધિકારી શ્રી/કર્મચારીશ્રીઓએ ટેકનીકલ સર્વેલન્સ તથા બાતમીદારો ની મદદ મેળવી અપહરણકારોને અમીરગઢ ચેક પોસ્ટ પાસેથી રોડ ઉપરથી ઝડપી પાડી ભોગબનનાર/અપહ્યુત શ્રી રજનીભાઇ પટેલને આરોપીઓના ચુંગલમાંથી છોડાવલ છે. તેમજ નીચે મુજબના આરોપીઓને ઝડપી પાડેલ છે.

(1) અનિકેત ઇન્દ્રજીતસિંગ પાલ ઉ.વ.૧૯ રહે, જે/૫૦૩, ગાયત્રી ગ્રીન સોસાયટી હંસપુરાગામ નવા નરોડા અમદાવાદ

(2) ભુપત @ ભુપ્તો સન/ઓફ રામાભાઇ રબારી ઉ.વ.૨૦ રહે, ગામ : ભાખરી રબારી નેસડો તા : વાવ જી : બનાસકાંઠા

(3) શ્રીકૃષ્ણ @ ખરગોસ સન/ઓફ સુંદરસિંગ તોમર ઉ.વ.૨૦ રહે, સુંદરસિંગની ચાલી વિધાનગર ભાર્ગવ રોડ મેઘાણીનગર અમદાવાદ

(4) આનંદ નરેન્દ્રસિંગ તોમર ઉ.વ.૨૨ રહે, મકાન નં.૦૫, પુષ્પનગર ગલી નં.૧૨/બી,ભાર્ગવ રોડ મેઘાણીનગર અમદાવાદ.

તેમજ ઉપરોકત આરોપીઓ પાસેથી બુઢિયા ટોપી, બે હાથ રૂમાલ તથા ભોગબનનાર પાસેથી સહી કરાવી લખાવી લીધેલ કોરા ચેક નંગ-3, મોબાઇલ ફોન નંગ-4, ટોલ ટેક્ષ સ્લીપ -1 વિગેરે મત્તા તપાસ અર્થે કબ્જે કરેલ છે.

તેમજ આ ગુન્હામાં સંડોવાયેલ આરોપી પૈકી અમદાવાદ શહેર ખાતે પૈસાની સગવડ થાય તો લેવા રોકાયેલ

(5)આકાશ રાજેંન્દ્રસિંહ પાલ ઉ.વ.18 રહે, સુમેરસિંહની ચાલી, વિદ્યાનગર, ભાગર્વ રોડ, મેઘાણીનગર અમદાવાદને ઉપરોકત ટીમ સાથે સંકલન કરી શ્રી કે.આઇ.જાડેજા પોલીસ સબ ઇન્સ. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેરનાઓએ અમદાવાદ ખાતેથી ઝડપી પાડેલ છે.

તેમજ આ ગુન્હામાં કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર સાથે શ્રી જે.પી.રોઝીયા પોસ.ઇ. ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેરનાઓએ કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

ઉપરોકત આરોપીઓ પૈકી આરોપી અનિકેત ઇન્દ્રજીતસિંગ પાલ તથા ભુપત @ ભુપ્તો સન/ઓફ રામાભાઇ રબારી બી.એસ.સી. વિદ્યાર્થી છે અને ચાલુ અભ્યાસ દરમ્યાન ખર્ચ કરવાના નાણાં અપુરતા મળતા મોટી માતબર રકમ મેળવી જલસા કરવાના હેતુસર આરોપી અનિકેત ઇન્દ્રજીતસિગ પાલ ની આગેવાની હેઠળ તમામ આરોપીઓએ એક સંપ કરી અનિકેત જે ઘરમાં રહે છે તે બિલ્ડરનું અપહરણ કરવાનું અનિકેતે આયોજન કરેલ અને તેનો સાથ આપવા માટે સાથેના આરોપીઓ જોડાયેલ હતા અને તા.4/4/17 ના સવારે નવેક વાગ્યાના સુમારે તેઓ પોતાની સાઇટ ઉપર જતા હતા તે વખતે આ કામના આરોપીઓએ શ્યામ કુટીર-56 બંગ્લો સામે ભોગ બનનાર શ્રી રજનીભાઇ પટેલની કાર સાથે એક બાઇક અથડાવેલ અને કેમ કાર અથડાવી તેવા બહાના હેઠળ અપહરણ કરવાની તૈયારી કરેલ હતી. પરંતુ લોકો ભેગા થઇ જતા તે વખતે અપહરણ કરવાનું મુલતવી રાખેલ અને આશરે અઢી ત્રણ કલાક બાદ પોણા બારેક વાગ્યાના સુમારે શ્રી રજનીભાઇ પરત આવતાં શ્યામ કુટીર બંગ્લો સામેથી આરોપીઓ ભોગ બનનાર/અપહ્રુત શ્રી રજનીભાઇ નું અપહરણ કરેલ હતું.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.